નવી બાબત        વર્ષ ૨૦૨૬-૨૭

ઘાસચારા વિકાસ કાર્યક્રમ અંતર્ગત

રાજ્યમાં ગ્રામીણ વિસ્તારમાં ઘાસચારા ઉત્પાદન એકમની સ્થાપના માટે સહાયની યોજના

## ગુજરાત સરકાર

કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

ઠરાવ ક્રમાંક:ACD/PFD/e-file/2/2025/4629/P1

સચિવાલય, ગાંધીનગર

વંચાણે લીધા:-

૧) પશુપાલન નિયામકશ્રીની કચેરી,ગુ.રા.,ગાંધીનગરનો તા.૧૭/૧૨/૨૦૨૫નો ફાઇલ ક્રમાંક: DOAH/NEW/e-file/304/2025/3529/Fodder Branch

૨)પશુપાલન નિયામકશ્રીની કચેરી,ગુ.રા.ગાંધીનગરનો તા.૨૦/૦૨/૨૦૨૬નો ફાઇલ ક્રમાંક: DOAH/NEW/e-file/304/2025/3529/Fodder Branch

આમુખ:-

વંચાણે લીધેલ-(૧)ના પત્રથી પશુપાલન નિયામકની કચેરી,ગુ.રા.,ગાંધીનગર દ્વારા વર્ષ ૨૦૨૬-૨૭માં ઘાસચારા વિકાસ કાર્યક્રમ અંતર્ગત રાજ્યમાં ગ્રામીણ વિસ્તારમાં ઘાસચારા ઉત્પાદન એકમની સ્થાપના માટેની સહાયની યોજના માટે રૂા. ૫.૦૦ કરોડ (અંકે રૂા. પાંચ કરોડ પૂરા) ખર્ચે નવી બાબત તરીકે રજુ કરવામાં આવેલ હતી. સદર યોજના નવી બાબત તરીકે કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના સને ૨૦૨૬-૨૭ના અંદાજપત્ર પ્રકાશન નં.-03 Agriculture, Farmers welfare and Co-operation Department For 2026-27 બજેટના પાના નં. ૧૦૮ તથા ૧૦૯ ઉપર યોજના હેઠળ રૂ. ૫.૦૦ કરોડની જોગવાઇ થયેલ છે. સદર નવી બાબતની વહીવટી મંજૂરી મેળવવા પશુપાલન નિયામકશ્રીની કચેરીના સંદર્ભ -(૨)ના પત્રથી દરખાસ્ત રજુ કરવામાં આવેલ. જેને મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ

વિચારણાને અંતે રૂા. ૫.૦૦ કરોડ (અંકે રૂા. પાંચ કરોડ પૂરા) ની અંદાજપત્રીય જોગવાઈ ધરાવતી આ નવી બાબતને અંદાજપત્રીય જોગવાઈની મર્યાદામાં નીચે દર્શાવેલ યોજનાવાર નાણાકીય જોગવાઈ અને શરતો-બોલીઓને આધીન વર્ષ :૨૦૨૬-૨૭માં નવી બાબત તરીકે ચાલુ કરવાની વહીવટી મંજુરી આપવાનું આથી ઠરાવવામાં આવે છે.

| અ. નં | યોજનાનુ નામ | બજેટ જોગવાઇ ૨૦૨૬-૨૭ રૂ.કરોડમાં |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧ | ઘાસચારા ઉત્પાદન એકમની સ્થાપના (૩૭૦ લાભાર્થી) | ૫.૦૦ |

યોજનાનો અમલ નીચે મુજબની શરતો બોલીઓ તેમજ બિડાણમાં સામેલ પરિશિષ્ટ ૧ થી ૩ મુજબ કરવાનો રહેશે.

શરતો અને બોલીઓ:

1. પ્રસ્તુત યોજના અંગેનો ખર્ચ તા.૦૧/૦૪/૨૦૨૬ પછી કરવાનો રહેશે.

2. આ યોજના હેઠળ નિયત થયેલ લાભાર્થીઓની મર્યાદામાં જ તેમજ અંદાજપત્રિય જોગવાઈની મર્યાદામાં જ સહાય ચુકવવાની રહેશે. કોઈપણ સંજોગોમાં આ યોજના હેઠળ નિયત નાણાકિય મર્યાદા અને લાભાર્થીની સંખ્યા વધે નહી તે મુજબનું આયોજન કરવાની તકેદારી પશુપાલન નિયામકશ્રીની કચેરીએ રાખવાની રહેશે.
3. આ યોજનાનો અમલ પશુપાલન નિયામકશ્રીની કચેરી નોડલ એજન્સી મારફતે કરવાનો રહેશે.
4. પારદર્શક પ્રક્રિયા અનુસરી લાભાર્થીની પસંદગી કરવાની રહેશે.
5. ઓનલાઈન અરજી કરવાનું અને મંજૂરી આપવાનું પ્રાવધાન રાખવાનું રહેશે.
6. નાણાકિય સહાય નિયત કરેલ સમયાંતરે DBT પધ્ધતિથી જ આપવાની રહેશે.
7. આ યોજનાને DBT Portal ઉપર ફરજીયાત નોંધવાની રહેશે.
8. C.M Dash Board સાથે યોજના Link કરવાની રહેશે.
9. યોજનાના મોનીટરીંગની યોગ્ય વ્યવસ્થા કરવાની રહેશે.
10. Social Audit અને Third Party Verification પણ સમયાંતરે કરાવી સરકારશ્રીને રજુ કરવાનું રહેશે.
11. યોજનાકીય મેનપાવરની મર્યાદામાં જ ખર્ચ કરવાનો રહેશે.
12. કેન્દ્ર સહાયિત યોજનામાં ફંડ કેન્દ્ર સરકાર ફાળવે તે મુજબ જ યોજનાકીય લાભ લાભાર્થીને આપવાનો રહેશે.
13. પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે. આઉટ સોર્સથી સેવા વહીવટી મંજૂરી મુજબના સમયગાળા પુરતી જ મેળવવાની રહેશે. તેનાથી વધુ સમય માટે આ સેવા પૂર્વ મંજૂરી સિવાય મંજૂરીની અપેક્ષાએ કે પશ્વાદવર્તી અસરથી મંજૂરી મેળવવાની અપેક્ષાએ કોઈપણ સંજોગોમાં ચાલુ રાખી શકાશે નહિ.
14. પ્રસ્તુત યોજના અંતર્ગત વર્ષ: ૨૦૨૬-૨૭ની બજેટ જોગવાઈને આધીન રહીને જ, નાણા વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.પ્રસ્તુત યોજનામાં જે હેતુ માટે બજેટ જોગવાઈ કરવામાં આવી છે તે હેતુ કે યોજના માટે જ ખર્ચ કરવાનો રહેશે અન્ય હેતુ માટે ખર્ચ કરી શકાશે નહિ. વર્ષના અંતે આ યોજના અંતર્ગત બચત રહેતી રકમ નિયત સમયમર્યાદામાં પરત કરવાની રહેશે.
15. પ્રસ્તુત યોજના હેઠળ ખોલાવેલ ખાતામાં રાજ્ય સરકારશ્રી દ્વારા મળનાર ગ્રાન્ટ જમા કરવાથી ઉક્ત ખાતામાં વ્યાજ સહીત અન્ય તમામ પ્રકારની જે પણ આવક થાય તે તમામ આવક રાજ્ય સરકારશ્રી દ્વારા ફાળવવામાં આવતી ગ્રાન્ટનો જ હિસ્સો ગણવામાં આવશે.
16. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાંકીય ઔચિત્યના સિદ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.
17. આ યોજનાની અમલવારી અર્થે કોઇ અન્ય વિભાગ સાથેના Linkagesની કામગીરી પ્રોજેક્ટની સમયમર્યાદાને અસર ન કરે તે રીતે પૂર્ણ કરવાના રહેશે.
18. મંજૂર થયેલ અંદાજોમાં કોઈ ફેરફાર થાય તો તે અંગેની સુધારેલી વહીવટી મંજૂરી સમયસર મેળવી લેવાની રહેશે.
19. આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજય સરકારની પ્રર્વતમાન ખરીદનીતિની જોગવાઈઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.
20. પ્રોજેક્ટ પૂર્ણ થયા બાદ તેના સુચારુ ઉપયોગ અને અમલવારી માટે operation and maintenance ની યોગ્ય વ્યવસ્થા અને આયોજન કરવાનું રહેશે.
21. નાણા વિભાગના કરકસર પ્રભાગ દ્વારા વખતો વખત બહાર પાડવામાં આવતી કરકસર અંગેની સુચનાઓનું પશુપાલન નિયામકશ્રીની કચેરીએ ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.
22. સદર યોજના રાજ્ય સરકાર ના ફાળા સિવાય બાહ્ય સહાયિત, લોન , કે કેંદ્રીય ફાળા થી કરવાની હોય તો તે સમયસર મેળવી લેવા અંગે જરૂરી કાર્યવાહી સમયસર કરવાની રહેશે.
23. સમગ્ર પ્રોજેક્ટ તેની વહીવટી મંજુરીની મર્યાદામાં સમયસર પૂર્ણ થાય તે રીતે સમયબદ્ધ નાણાંકીય આયોજન કરવાનું રહેશે. તે માટેના જરૂરી નાણાંકીય સ્ત્રોત પાસેથી સમયસર ફંડ ઉપલબ્ધ થાય તેનું આયોજન કરવાનું રહેશે.
24. આઉટ સોર્સથી સેવા મેળવવાની હોય તો તેના માટે નિયમિત જગ્યા અંગેની કોઈ શરતો લાગુ પડશે નહિ.
25. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.
26. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.
27. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે. યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.સદર વહીવટી મંજુરી અન્વયે સતત બે વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજુરી આપોઆપ રદ ગણાશે.

28. આ યોજના હેઠળ વર્ષ દરમ્યાન ફાળવેલ ગ્રાન્ટ સામે થયેલ ખર્ચના પ્રમાણપત્ર(યુ.ટી.સી.)મેળવી લેવાના રહેશે.

આ અંગેનો ખર્ચ નીચે દર્શાવેલ બજેટ સદરે ઉધારવાનો રહેશે.

| | |
|---|---|
| માંગણી નંબર | : ૪ |
| સેક્ટર | : ગ – આર્થિક સેવાઓ |
| સબ સેક્ટર | : (ક) કૃષિ અને સંલગ્ન પ્રવૃતિઓ |
| મુખ્ય સદર | : ૨૪૦૩–પશુપાલન |
| ગૌણ સદર | :૧૦૭ |
| પેટા સદર | :(૦૧) ઘાસચારા અને પશુખાણ વિકાસ |

નાણા વિભાગ અને વિભાગની બજેટ શાખા દ્વારા ગ્રાન્ટની ફાળવણીના હુકમો કરવામાં આવે, તદનુસાર નિયામકશ્રી, પશુપાલન કચરીએ ખર્ચ કરવાનો રહેશે તથા નાણા વિભાગના વખતો વખતના અદ્યતન ઠરાવ વિગેરે સબંધિત તમામ સુચનાઓને પણ ધ્યાને લઇ ખર્ચ કરવાની કાળજી રાખવાની રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ઈ-ફાઇલ પર અધિક મુખ્ય સચિવશ્રી(પ.પા)ની તથા નાણા વિભાગની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(પ્રિયંકા ચૌધરી)

સેકશન અધિકારી

કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

**<u>પ્રતિ,</u>**

- માન.મંત્રીશ્રી(પશુપાલન)ના અંગત સચિવશ્રી,સ્વર્ણિમ સંકુલ-૨,સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(પશુપાલન)ના અંગત સચિવશ્રી,સ્વર્ણિમ સંકુલ-૨,સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી(પશુપાલન)ના અંગત સચિવશ્રી, કૃષિ,ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ,સચિવાલય, ગાંધીનગર.
- પશુપાલન નિયામકશ્રી, પશુપાલન નિયામકની કચેરી,કૃષિભવન,ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી(કૃષિ), નાણા વિભાગ, સચિવાલય.
- ઉપમહાલેખાકારશ્રી (ES-૧),એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ(E&RS Audit) ગુજરાત,ત્રીજો માળ,ઓડિટ ભવન, નવરંગપુરા,અમદાવાદ-૩૮૦૦૦૯.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, (એ.એન્ડ ઈ) અમદાવાદ/ રાજકોટ
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- ઘાસચારા શાખા, પશુપાલન નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- કૃષિ અને સહકાર વિભાગની બજેટશાખા, બ.૧,પી-૨, અ અને નાણાં શાખા.
- પસંદગી ફાઇલ
- સેક્શન અધિકારીશ્રી(આઈ.ટી. સેલ), કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય ગાંધીનગર તરફ – (ઠરાવ વિભાગની વેબસાઈટ પર મુકવાની વિનંતી સહ)


Open the document in Adobe Acrobat DC to verify the E-sign

## સામાન્ય શરતો અને બોલીઓ

| | | |
|---|---|---|
| યોજનાનું નામ | : | ઘાસચારા વિકાસ કાર્યક્રમ અંતર્ગત રાજ્યમાં ગ્રામીણ વિસ્તારમાં ઘાસચારા ઉત્પાદન એકમની સ્થાપના માટેની સહાય યોજના |
| પ્રોજેક્ટનું નામ | : | **Integrated Fodder Development schemes For Assistance for Establishment of Fodder Production unit in Rural areas.** |

૧. આ યોજનાનો અમલ રાજ્યના તમામ જિલ્લાઓમાં કરવાનો રહેશે.

૨. આ યોજનાના નિયંત્રણ અધિકારી પશુપાલન નિયામકશ્રી રહેશે.

૩. આ યોજનાના જિલ્લા પંચાયત હસ્તકનાં ઘટકો માટે સબંધિત જિલ્લાનાં મદદનીશ/નાયબ પશુપાલન નિયામકશ્રી,જિલ્લા પંચાયત અમલીકરણ અધિકારી રહેશે.

૪. લાભાર્થી અરજી પત્રક મંજૂરી અર્થે સંબંધિત તાલુકાનાં તાલુકા પશુ દવાખાના ખાતે રજુ કરશે.

૫. અરજી મળ્યેથી સદરહુ તાલુકા પશુ દવાખાનાનાં તાલુકા પશુ ચિકિત્સા અધિકારી પાસેથી સમાન હેતુ વાળા ઘટક માટે અન્ય યોજનામાંથી અગાઉ નિયત કરેલ સમયમર્યાદામાં સહાય મેળવેલ નથી તે બાબતનો પ્રમાણપત્ર/દાખલો મેળવી લેવાનું રહેશે.

૬. જે તે ઘટક માટે ચાલુ નાણાકીય વર્ષમાં આ યોજના હેઠળના પરિશિષ્ટ-૧.૧ ના કોલમ-૫ માં દર્શાવેલ સમયમર્યાદાને ધ્યાને લઇ લાભાર્થી યોજનાનો લાભ લઇ શકશે.

૭. પરિશિષ્ટ-૧.૧ ના કોલમ-૫ માં જણાવ્યાનુસાર એક વાર્ષિક સમયગાળા સિવાયના પ્રત્યેક ઘટક માટે સબંધિત તાલુકા પશુ ચિકિત્સા અધિકારી/જૂથ મથકનાં પશુ ચિકિત્સા અધિકારીને ગામ વાઈઝ ઘટકનું નામ,લાભાર્થીનું નામ,સહાયની રકમ,લાભ આપ્યાનું વર્ષ વગેરે વિગતો ધરાવતું રજીસ્ટર નિભાવવાનું રહેશે.

૮. આ યોજના હેઠળના ઘટકો માટે સહાયના ધોરણો આ સાથેના પરિશિષ્ટ-૨ મુજબ રહેશે.

૯. ચાફકટર સહાયની યોજના માટે લાભાર્થીના બેંક એકાઉન્ટમાં બારોબાર સહાયની રકમ જમા થાય તેવા ઘટકો માટે અરજીનો નમૂનો આ સાથેના પરિશિષ્ટ-૩ મુજબ રહેશે અને તેના અમલ માટેની કાર્યપદ્ધતિ આ સાથેના પરિશિષ્ટ-૨ મુજબ રહેશે.

૧૦. આ યોજના પશુપાલન નિયામકશ્રી, ગુ.રા. ગાંધીનગરના અંકુશ હેઠળ રહેશે. આ યોજના અમલીકરણ બાબતમાં કોઈ મુદ્દો ઉપસ્થિત થાય તો તેમનો નિર્ણય આખરી રહેશે.

૧૧. મંજુર થયેલ પ્રોજેક્ટો સમય મર્યાદામાં પુર્ણ થાય તેમજ સરકારશ્રી દ્વારા ફાળવવામાં આવેલ ફંડનો પુરેપુરો હેતુસર ઉપયોગ થાય તથા સરકારશ્રી તરફથી આપવામાં આવતી સુચનાઓનો પુરેપુરો અમલ થાય તે બાબત ધ્યાને લઇ પ્રોજેક્ટ અમલીકરણ કરવાનું રહેશે.

૧૨. આ યોજનાની ગ્રાન્ટ પશુપાલન નિયામકશ્રીએ સદર યોજના માટે મદદનીશ પશુપાલન નિયામક/નાયબ પશુપાલન નિયામક જીલ્લા પંચાયતને ફાળવવાની રહેશે.

૧૩. સબંધિત નોડલ એજન્સી અને સંબધિત જિલ્લા પંચાયતનાં મદદનીશ/નાયબ પશુપાલન નિયામકશ્રીએ તેમજ ગ્રાન્ટ વપરાશના પ્રમાણપત્રો (યુ.ટી.સી.) નિયત નમૂનામાં પશુપાલન નિયામક, ગુજરાત રાજ્ય, ગાંધીનગરને સમયસર મોકલવાના રહેશે તેમજ સબસીડી સહિત થનારા ખર્ચના વિગતવાર હિસાબો તથા ઓડિટને લગતી કામગીરી કરવાની રહેશે.

૧૪. પરિશિષ્ટ-૨ મુજબની કાર્યપદ્ધતિ માટે સબંધિત નોડલ એજન્સીએ(જિલ્લા પંચાયત/તાલુકા પંચાયત/ઘનિષ્ઠ

મરઘા વિકાસ ઘટક, ઘનિષ્ઠ પશુ સુધારણા યોજના/ વિભાગીય સયુક્ત પશુપાલન નિયામકશ્રી) સહાયની રકમ અથવા સહાયકારી યોજનાઓમાં લાભાર્થીને કરવાનાં થતાં નાણાં સહાયનાં ચુકવણાને Direct Benefit Transfer Schemeમાં તબદિલ કરી લાભાર્થી/સંસ્થાના ખાતામાં જમા કરવાની રહેશે.

૧૫.લાભાર્થીને સહાય ચૂકવવાના કિસ્સામાં સહાયની રકમ RTGS/NEFT/e-payment થી સીધેસીધી લાભાર્થીના બેંક ખાતામાં ચુકવણી કરવાની રહેશે. કોઈપણ સંજોગોમાં લાભાર્થીને સીધી રોકડ સહાય ચુકવાશે નહી.

## પરિશિષ્ટ-૧

## સામાન્ય શરતો અને બોલીઓ

| | | |
|---|---|---|
| **યોજનાનું નામ** | **:** | **ઘાસચારા વિકાસ કાર્યક્રમ અંતર્ગત રાજ્યમાં ગ્રામીણ વિસ્તારમાં ઘાસચારા ઉત્પાદન એકમની સ્થાપના માટેની સહાય યોજના** |
| **પ્રોજેક્ટનું નામ** | **:** | **Integrated Fodder Development schemes For Assistance for Establishment of Fodder Production unit in Rural areas.** |

**રાજ્યમાં ગ્રામીણ વિસ્તારમાં ઘાસચારા ઉત્પાદન એકમની સ્થાપના માટેની સહાય યોજનાની શરતો અને બોલીઓ:-**

(૧) ગૌશાળા, પાંજરાપોળ, વ્યક્તિગત ખેડૂતો, SHG (સ્વ-સહાય જૂથ), FPO (ખેડૂત ઉત્પાદક સંગઠન), અથવા દૂધ ઉત્પાદક મંડળીઓ આ યોજના હેઠળ અરજી કરી શકે છે.

(૨) બિન-જંગલ પડતર જમીન, રેન્જલેન્ડ, ગ્રાસલેન્ડ, બિન-ખેતીલાયક જમીન અથવા ઘાસચારા ઉત્પાદન માટે ઉપલબ્ધ અન્ય જમીનનો ઉપયોગ કરવાનો રહેશે.

(૩) યોજનાનો લાભ મેળવવા માટે અરજદારે જીલ્લા પંચાયતને વિગતવાર ભૌતિક સ્વરૂપે દરખાસ્ત કરવાની રહેશે.

(૪) ગૌશાળા/પાંજરાપોળ ના કિસ્સામાં પોતાની જમીન ઉપલબ્ધ ન હોય તો **૫ વર્ષ** માટે ભાડા પટ્ટે લીધેલ હોવી જોઈએ.

(૫) લાભાર્થી ઓછામાં ઓછા **પાંચ વર્ષ** માટે એકમ નિભાવવાનું રહેશે.

(૬) પ્લોટ બનાવ્યા બાદ સ્થાનિક પશુધન નિરિક્ષક-પશુચિકિત્સા અધિકારી તેમજ ખાતાનાં તાંત્રિક અધિકારી-કર્મચારીઓને બતાવવો જરૂરી છે.

(૭) કાપણી કપાયા બાદ ઉત્પન્ન થયેલ ચારાની વિગત લાભાર્થીએ સબંધિત પશુચિકિત્સા અધિકારી સંસ્થા ખાતે નોંધાવવાની રહેશે.

(૮) સદર પ્લોટ ગામનાં અન્ય ખેડુતોને બતાવી તેના લાભનું નિદર્શન કરવું.

(૯) અરજી પત્રક સાથે ૭-૧૨, ૮-અ/તલાટીનો દાખલો(જમીન ધરાવતો હોવાનો) સામેલ કરવો જરૂરી છે.

(૧૦) લાભાર્થીએ સદર જડિયા/બિયારણ રાજ્યની કૃષિ યુનિ.ઓ, રાજ્ય કે કેન્દ્ર સરકારશ્રી હસ્તકના ફાર્મ પાસેથી ખરીદી કરી જીલ્લા પંચાયત ખાતે બિલ રજુ કરવાનું રહેશે.

(૧૧) બારમાસી ઘાસચારા પાકોનું જ વાવેતર કરી ઉત્પાદન કરવાનું રહેશે.

(૧૨) ફેન્સિંગ, જમીન વિકાસ, ફાર્મ શેડ(સાધન સામગ્રી, બિયારણ, ખાતર માટે), ખેતીના સાધનો, પિયત સુવિધા, સ્ટાફ માટે વેતન, બિયારણ, ખાતર, બાયો ઈનપુટ માટે, વાવેતર ચાર્જીસ, પિયત માટે વીજળી અથવા


Open the document in Adobe Acrobat DC to verify the E-sign

ઈંધણ માટે, સ્ટોર જાળવણી, મજુર ખર્ચ અને અન્ય ખર્ચ વગેરે માટે સહાય મળવાપાત્ર રહેશે. જે અંગેના બિલો સબંધિત જીલ્લા પંચાયત ખાતે રજુ કરવાના રહેશે.

(૧૩) પરિશિષ્ટ-૧.૨ અનુસાર લાભાર્થીએ ભૌતિક સ્વરૂપે જીલ્લા પંચાયતને અરજી કરાવવાની રહેશે.

(૧૪) ગૌશાળા, પાંજરાપોળ, SHG (સ્વ-સહાય જૂથ), FPO (ખેડૂત ઉત્પાદક સંગઠન), દૂધ ઉત્પાદક મંડળીઓએ દરખાસ્તમાં એડ્રેસના આધાર માટે આધાર કાર્ડ/રજીસ્ટ્રેશન સર્ટિફિકેટ રજુ કરવાનું રહેશે.

(૧૫) આવક સ્ત્રોત અંગેના આધારો રજુ કરવાના રહેશે.

(૧૬) છેલ્લા ૬ માસનું બેંક સ્ટેટમેન્ટ રજુ કરવાનું રહેશે.

(૧૭) ગૌશાળા, પાંજરાપોળ, SHG (સ્વ-સહાય જૂથ), FPO (ખેડૂત ઉત્પાદક સંગઠન), દૂધ ઉત્પાદક મંડળીઓએ છેલ્લા ત્રણ વર્ષનું IT રીટર્ન રજુ કરવાનું રહેશે.

(૧૮) દરખાસ્ત સંબંધિત વિસ્તાર(Project site) GI ટેગિંગ ફોટોગ્રાફ્સ રજુ કરવાના રહેશે.

(૧૯) ૯૦% રાજ્ય સરકારશ્રીના શેર ઉપરાંત બાકીની ૧૦% રકમ જે તે સંસ્થાએ ભોગવવાની રહેશે. જે અંગેનું સહમતિ પત્રક લેવાનું રહેશે.(નિયત ફોર્મેટ બિડાણ મુજબ સામેલ છે)

(૨૦) દરખાસ્ત પર સંબંધિત પંચાયતના તલાટી અને સરપંચશ્રીના સહી સિક્કા સાથે, સ્પષ્ટ ભલામણ સહ દરખાસ્ત જીલ્લા પંચાયતને મોકલી આપવાની રહેશે. જે સંદર્ભે પશુપાલન નિયામકશ્રીની કચેરી કક્ષાએથી જીલ્લા પંચાયતને ફક્ત ગ્રાન્ટ ફાળવણી જ કરવાની રહેશે.

(૨૧) આ સાથે સામેલ પરિશિષ્ટ-૧.૩ અનુસાર કમ્પોનન્ટ વાઈઝ સહાય મળવા પાત્ર રહેશે.

(૨૨) The Right of Persons with Disabilities Act, 2016 ની Section-24 અને Section-37 ની જોગવાઈઓ અનુસાર સદર યોજનામાં દીવ્યાંગો(માન્ય પ્રમાણપત્ર ધરાવતા)ને ૫% ની મર્યાદામાં અને તેમાં પણ દિવ્યાંગ મહિલાઓને યોગ્ય પ્રાધાન્યતા સાથે અનામતનો લાભ આપવાનો રહેશે. કોઈપણ કારણસર જો દિવ્યાંગ લાભાર્થીઓ પુરતા પ્રમાણમાં ન મળે તો યોજનાની શરતો પરિપૂર્ણ કરતા અન્ય લાભાર્થીઓને લાભ આપવાનો રહેશે.

(૨૩) યોજનાના સુચારુ અમલીકરણમાં જરૂર જણાય તે મુજબ શરતો અને બોલીઓમાં સુધારા વધારા કરવાની સત્તા પશુપાલન નિયામકશ્રીને વિભાગનાં પરામર્શમાં રહીને કરવાની રહેશે, જે લાભાર્થીને બંધનકર્તા રહેશે.

**<u>પરીશિષ્ટ-૧.૧ સહાયના ધોરણો</u>**

<table>
<tr><td colspan="2">યોજનાનું નામ</td><td>:</td><td colspan="2">ઘાસચારા વિકાસ કાર્યક્રમ અંતર્ગત રાજ્યમાં ગ્રામીણ વિસ્તારમાં ઘાસચારા ઉત્પાદન એકમની સ્થાપના માટેની સહાય યોજના</td></tr>
<tr><td colspan="2">પ્રોજેક્ટનું નામ</td><td>:</td><td colspan="2">Integrated Fodder Development schemes For Assistance for Establishment of Fodder Production unit in Rural areas.</td></tr>
<tr><td colspan="2">ઘટકની વિગત</td><td>:</td><td colspan="2">રાજ્યમાં ગ્રામીણ વિસ્તારમાં ઘાસચારા ઉત્પાદન એકમની સ્થાપના માટેની સહાય યોજના</td></tr>
<tr><td>અ.નં.</td><td>ઘટકનું નામ</td><td>સહાયનું ધોરણ</td><td>રીમાર્કસ</td><td>ઘટકના પુન: લાભ મેળવવાની ઓછામાં ઓછી સમય મર્યાદા</td></tr>
<tr><td>૧</td><td>૨</td><td>૩</td><td>૪</td><td>૫</td></tr>
</table>

| | | | | |
|---|---|---|---|---|
| યોજનાનું નામ | | : | ઘાસચારા વિકાસ કાર્યક્રમ અંતર્ગત રાજ્યમાં ગ્રામીણ વિસ્તારમાં ઘાસચારા ઉત્પાદન એકમની સ્થાપના માટેની સહાય યોજના | |
| પ્રોજેક્ટનું નામ | | : | **Integrated Fodder Development schemes For Assistance for Establishment of Fodder Production unit in Rural areas.** | |
| ઘટકની વિગત | | : | રાજ્યમાં ગ્રામીણ વિસ્તારમાં ઘાસચારા ઉત્પાદન એકમની સ્થાપના માટેની સહાય યોજના | |
| અ.નં. | ઘટકનું નામ | સહાયનું ધોરણ | રીમાર્કસ | ઘટકના પુનઃ લાભ મેળવવાની ઓછામાં ઓછી સમય મર્યાદા |
| ૧ | રાજ્યમાં ગ્રામીણ વિસ્તારમાં ઘાસચારા ઉત્પાદન એકમની સ્થાપના માટેની સહાય યોજના<br>ભૌતિક લક્ષ્યાંક= ૩૭૦ હેક્ટર(અંદાજીત ૩૭૦ લાભાર્થી) | પ્રતિ હેક્ટરે રુ.૧.૫૦ લાખ મર્યાદામાં ૯૦% લેખે વધુમાં વધુ રૂ.૧.૩૫ લાખ સહાય મળવા પાત્ર રહેશે, જ્યારે ૧૦% લેખે (રુ.૦.૧૫ લાખ) ફાળો લેબર ખર્ચ તરીકે લાભાર્થીએ પોતે ભોગવવાનો રહેશે. | લાભાર્થીએ ભૌતિક સ્વરૂપે દરખાસ્ત જીલ્લા પંચાયતને કરવાની રહેશે. | પાંચ વર્ષ |

<u>પરીશિષ્ટ-૧.૨ (અરજીનો નમુનો) અને સહમતિ અથવા બાહેધરી પત્રક</u>

પ્રતિ,

મદદનીશ/નાયબ પશુપાલન નિયામકશ્રી,

જીલ્લા પંચાયત_______________

જી.____________

**વિષય:- સહાય યોજનામા_________________(યોજનાનું નામ) મેળવવા મંજુરી મળવા બાબત.**

સવિનય ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે મારી/અમારી ગૌશાળા/પાંજરાપોળ/વ્યક્તિગત ખેડૂતો-પશુપાલક/SHG (સ્વ-સહાય જૂથ)/FPO (ખેડૂત ઉત્પાદક સંગઠન)/અથવા દૂધ ઉત્પાદક મંડળીનું નામ_________________ ગામ____, તા.______, જિ.______છે. મારી/અમારી ગૌશાળા/પાંજરાપોળ/વ્યક્તિગત ખેડૂતો-પશુપાલક/SHG (સ્વ-સહાય જૂથ)/FPO (ખેડૂત ઉત્પાદક સંગઠન)/અથવા દૂધ ઉત્પાદક મંડળીનો રજીસ્ટ્રેશન નંબર_______છે. અમોએ ગુજરાત સરકારશ્રીની <u>ઘાસચારા વિકાસ કાર્યક્રમ અંતર્ગત રાજ્યમાં ગ્રામીણ વિસ્તારમાં ઘાસચારા ઉત્પાદન એકમની સ્થાપના માટે સહાયની યોજના</u>ના ઘટક માટે આ ભૌતિક સ્વરૂપે દરખાસ્ત રજુ કરીએ છીએ. અમારી પાસે હાલે

માલિકીના _____હે. જમીન છે.(૭/૧૨, ૮-અ ના સાધાનિક દસ્તાવેજો સામેલ છે), જે પૈકી અમો _____હે. જમીનમાં સદર યોજનાનો લાભ લેવા માંગીએ છીએ. જેની દરખાસ્તની કુલ રકમ રૂ._____છે, જેમાં સરકારશ્રીના પ્રવર્તમાન ધોરણો મુજબ રાજ્ય સરકારશ્રીનો હિસ્સો(૯૦%), લાભાર્થીએ ભોગવવાનો થતો હિસ્સો(૧૦%) સહીત બાકીની રકમ બાદ કરતાં વધારાની તમામ નાણાકીય હિસ્સો હું/અમારી ગૌશાળા/પાંજરાપોળ/વ્યક્તિગત ખેડૂતો-પશુપાલક/SHG (સ્વ-સહાય જૂથ)/FPO (ખેડૂત ઉત્પાદક સંગઠન)/અથવા દૂધ ઉત્પાદક મંડળી પદરે ભોગવીશું તેની બાંહેધરી આપીએ છીએ. સાથોસાથ સદર યોજનાની શરતો અને બોલીઓ મુજબ તેમજ જણાવ્યા અનુસાર યોજનાનો હેતુ પરિપૂર્ણ થાય તે રીતે કામગીરી પૂર્ણ કરવા અને સદર એકમ **પાંચ વર્ષ** નિભાવવા માટે અમો બંધાયેલા છીએ. અને જો અમે આ કામગીરી દર્શાવેલ સમય મર્યાદામાં પૂર્ણ કરવામાં નિષ્ફળ જઈએ તો, સદર યોજનાની અમોને ચુકવાયેલા તમામ સહાય સરકારશ્રીમાં પરત જમા કરાવવા માટે બાંહેધરી લખી આપીએ છીએ અને તે સબંધે અહી નીચે સહી અને સિક્કા કરી આ બાંહેધરી પ્રમાણિત કરીએ છીએ.

બિડાણ: યોજનાની શરતો અને બોલીઓ અનુસાર

લિ. (સહી અને સિક્કો)

(ગૌશાળા/પાંજરાપોળ/વ્યક્તિગત ખેડૂતો-પશુપાલક/SHG (સ્વ-સહાય જૂથ)/FPO (ખેડૂત ઉત્પાદક સંગઠન)/અથવા દૂધ ઉત્પાદક મંડળીનું નામ)

ગામ:

તાલુકો:

જીલ્લો:

**નોંધ:-** ગૌશાળા/પાંજરાપોળ/SHG (સ્વ-સહાય જૂથ)/FPO (ખેડૂત ઉત્પાદક સંગઠન)/દૂધ ઉત્પાદક મંડળીના કિસ્સામાં જે તે સંસ્થાના લેટરપેડ ઉપર, સંસ્થાના માન્ય પ્રમુખ અને મંત્રી કે તે ઉપરાંત માન્ય સક્ષમ અધિકારી/પદાધિકારીની સહી આવશ્યક છે.

## અરજી મંજુરી

ઉપરોક્ત દર્શાવેલ હકીકત ખરી છે. અરજદારને આથી ધાસચારા વિકાસ કાર્યક્રમ અંતર્ગત રાજ્યમાં ગ્રામીણ વિસ્તારમાં ધાસચારા ઉત્પાદન એકમની સ્થાપના માટે સહાયની યોજનાના ઘટક માટે રૂ.______સહાય મંજુર કરવામાં આવે છે.

મદદનીશ/નાયબ પશુપાલન નિયામકશ્રી,

જીલ્લા પંચાયત______________

જી.____________

## પરીશિષ્ટ-૧.૩

ધાસચારા વિકાસ કાર્યક્રમ અંતર્ગત રાજ્યમાં ગ્રામીણ વિસ્તારમાં ધાસચારા ઉત્પાદન એકમની સ્થાપના માટે સહાયની યોજનાનું ૧.૦ હેકટર અનુસાર સહાય ધોરણ

| SR. NO. | Item | (In Rupees per ha. Applicable for Project tenure) |
|---|---|---|

| | | |
|---|---|---|
| **Continuing Parameters** | | |
| **A. Capital Investment** | | |
| 1 | Demarcation of boundry,fencing/(trench/brushwood/barbed wire) | 7500 |
| 2 | Land Development | 10000 |
| 3 | Farm sheds- for equipmemt, seed, manure and office | 15000 |
| 4 | Purchase of agricultural implemnets | 5000 |
| 5 | Creation of iirigation facilities, wells, pump, power line, water tank, pump room, pipelines etc.. | 37500 |
| | **Sub total** | **75000** |
| 6 | Wages of Supervisory staff | 2000 |
| 7 | Seeds, fertilizers/manure, Bio inputs | 35000 |
| 8 | Cultivation charges | 14000 |
| 9 | Irrigation electricity/fuel charges | 3000 |
| 10 | Maintenance of store/dead stock | 3000 |
| 11 | Miscellaneous and unforeseen expenses | 3000 |
| | **Sub total** | **60000** |
| **C. Labour Expenditure** | | |
| 12 | Labour Expenditure | 15000 |
| | **Sub total** | **15000** |
| | **Grand Total** | **150000** |

Signature Not Verified

Signed by:priyanka chaudhary
Section Officer
Date:2026.04.30
12:26:41 +5:30



Open the document in Adobe Acrobat DC to verify the E-sign